# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

બહુમાળી ભવન એ. વીંગ રૂમ નં. ૧૦૭ થી ૧૧૧ અમરેલી
ફોન અને ફેકસ નં. (૦૨૭૯૨) ૨૨૨૯૩૬
E-mail: amrelideo@gmail.com Website: www.deoamreli.com

सत्यमेव जयते


ક્રમાંક:યોજના/પરચ/૨૧-૨૨/ ૮૨૧૯-૧૮ તા.૦૪/૦૬/૨૦૨૧

પરીપત્ર નં. ૭૦૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, આર.એમ.એસ.એ., ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જિ.અમરેલી.

વિષય: ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અંતર્ગત નિબંધ સ્પર્ધાના આયોજન બાબત

સંદર્ભ: ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગરના પત્ર મુજબ

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના તથા કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. જેમાં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમાંકે આવનાર વિજેતાઓને રોકડ ઇનામ આપવામાં આવશે. દરેક આચાર્યશ્રીઓએ પોતાની શાળામાંથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ નિબંધ સ્પર્ધામાં ભાગ લે તેવા પ્રયત્નો કરવા આથી જણાવવામાં આવે છે.

- નિબંધ સ્પર્ધાના વિષયો :
  1. પ્લાસ્ટીક વેસ્ટની જૈવવિવિધતા પર અસરો
  2. જીવ સૃષ્ટીનું પુન:સ્થાપન જળ/જમીન
  3. પર્યાવરણના સંરક્ષણ માટે મારો ફાળો
  4. મ્યુનિસિપલ ઘન કચરો-પડકારો અને નિરાકરણ
- નિબંધ માટેની માર્ગદર્શિકા :
  1. નિબંધ સ્પર્ધા ઉપરોક્ત ૪ વિષયમાંથી કોઇપણ વિષય પર લખવાનો રહેશે.
  2. નિબંધ ગુજરાતીભાષામાં A-4 સાઇઝના પેપર પર 12 ની સાઇઝના શ્રુતિ ફોન્ટમાં કોમ્પ્યુટરાઇઝ્ડ અને ૭૦૦ શબ્દો સુધીની મર્યાદામાં લખવાનો રહેશે.
- નિબંધમાં નીચેના મુદ્દાઓ સામેલ કરવાના રહેશે :
  1. વિષય પરીચય
  2. સમસ્યા, સમાધાન, અભિગમ, ઉપચારો વગેરે.
  3. નિષ્કર્ષ, નિબંધમાં પ્રસ્તુત કાર્ય અને વિશ્લેષણો સારાંશ.
  4. નિબંધની શરૂઆતમાં વિદ્યાર્થીએ પોતાનું નામ, ધોરણ, શાળાનું નામ, શાળાનું સરનામું, વિદ્યાર્થી/વાલીનો સંપર્ક નંબર, અને વિદ્યાર્થી/વાલીનું ઇ-મેઇલ આઇડી નો ઉલ્લેખ ફરજિયાત કરવાનો રહેશે.

Scanned by CamScanner

- ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નિબંધ આકરણીમાં નીચેના માપદંડોનો ઉપયોગ કરવામાં આવશે જેની દરેક વિદ્યાર્થીઓએ નોંધ લેવી.
  1. વિષય વસ્તુ
  2. મૌલિકતા
  3. સ્પષ્ટતા
  4. માળખું
- સ્પર્ધા માટે ફક્ત મૌલિક નિબંધ ધ્યાનમાં લેવામાં આવશે, અગાઉ પ્રકાશિત થયેલ નિબંધ કે બીજા કોઇના લખાણની નકલ કરેલ નિબંધ ગેરલાયક ઠરાવવામાં આવશે.
- **સબમિશન પ્રકીયા :**
  વિદ્યાર્થીએ પોતાનો નિબંધ એક જ PDF ફાઇલ તરીકે તા.૦૫/૦૬/૨૦૨૧ થી તા.૧૦/૦૬/૨૦૨૧ ના સમયગાળા દરમિયાન ro-gpcb-bhav@gujarat.gov.in ઇ-મેઇલ પર સબમીટ કરવાનો રહેશે.
- **રોકડ પુરસ્કાર :**
  1. જિલ્લા કક્ષાએ પસંદગી સમિતિ દ્વારા જાહેર કરવામાં આવેલ વિજેતાઓને નીચેના કોષ્ટક મુજબ રોકડ ઇનામ આપવામાં આવશે.

| વિજેતા | રોકડ ઇનામ |
|---|---|
| પ્રથમ ઇનામ | રૂા. ૨૦૦૦/- |
| બીજું ઇનામ | રૂા. ૧૦૦૦/- |
| ત્રીજું ઇનામ | રૂા. ૫૦૦/- |

  2. જિલ્લા કક્ષાએ પ્રથમ વિજેતા ઉમેદવારના નિબંધને રાજ્ય કક્ષાએ પસંદગી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે. રાજ્ય કક્ષાએ પસંદગી સમિતિ દ્વારા જાહેર કરવામાં આવેલ વિજેતાઓને નીચેના કોષ્ટક મુજબ રોકડ ઇનામ આપવામાં આવશે.

| વિજેતા | રોકડ ઇનામ |
|---|---|
| પ્રથમ ઇનામ | રૂા. ૪૦૦૦/- |
| બીજું ઇનામ | રૂા. ૨૦૦૦/- |
| ત્રીજું ઇનામ | રૂા. ૧૦૦૦/- |

- નિબંધ સ્પર્ધા વિશે વધુ માહિતી માટે Assistant Environment Engineer શ્રી જયદીપ વી.જોષી મો.નં.૯૪૨૬૭૬૬૫૫૪ નો સંપર્ક કરવો.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

**નકલ રવાના જાણ સારૂ:**

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રથમ માળ, સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, વીર મોખડાજી સર્કલ પાસે, ઘોઘા રોડ, ભાવનગર

**નકલ રવાના અમલવારી સારૂ:**

શિ.નિ.શ્રી / મ.શિ.નિ.શ્રી તમામ, આ કચેરી

Scanned by CamScanner